તબીબોની ઈ.પી.કો. કલમ–૩૦૪(એ) મુજબ
અટક કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પરચ–૨૯૨૦૦૧–૭૦૩૫–ડ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬ [illegible]

<u>વંચાણે લીધા:પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા. ૨૦–૭–૨૦૦૧નો પત્રક્રમાંક:જી–૧–ટે–૧–૨૩૭૭–૨૦૦૧.</u>

<u>પરિપત્ર:</u>

સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે, તબીબી સારવાર હેઠળ દર્દીનું મૃત્યુ થાય ત્યારે ઘણા કિસ્સામાં મૃત્યુ પામેલ દર્દીના સગા સબંધીઓ ધ્વારા સારવાર કરનાર તબીબી વિરુધ્ધ ફોજદારી ફરીયાદ દાખલ કરવામાં આવે છે. જેમાં સાધારણ રીતે દાકતરની બેદરકારી સમજીને આઈ.પી.સી. કલમ ૩૦૪(એ) અથવા ૩૦૪ નો ગુનો દાખલ થયા અંગેનાકિસ્સાઓ જોવા મળેલ છે.

દર્દીનું મૃત્યુ દાકતરની બેદરકારીને કારણે થયા અંગેનો નિર્ણય પોસ્ટમોર્ટમ રીપોર્ટ તથા પેથોલોજીના નિષ્ણાત અભિપ્રાય મેળવ્યા પછી નકકી કરી શકાય. પરંતુ, ઘણા કિસ્સાઓ એવા ધ્યાન ઉપર આવેલ છે કે, નિષ્ણાત અભિપ્રાય મેળવ્યા પહેલા સારવાર કરનાર તબીબોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવે છે. હકીકતમાં પોસ્ટમોર્ટમ રીપોર્ટ તથા પેથોલોજી રીપોર્ટ આવ્યા પછી સારવાર કરનાર તબીબીની બેદરકારી હતી કે કેમ ? તે નકકી કરી શકાય તે પુર્વે નહી.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

દર્દીનું મૃત્યુ સારવાર આપનાર તબીબની બેદરકારીને લીધે અથવા ગફલતભરી સારવાર કરવાને લીધે થયેલ હોવાની ફરીયાદ દાખલ થયેલ હોય તો તપાસ કરનાર અમલદારે અધિકૃત નિષ્ણાત અભિપ્રાય જેવા કે, પોસ્ટમોર્ટમ રીપોર્ટ, ફોરેન્સીક રીપોર્ટ વગેરે પ્રકારના ચોકકસ પુરાવાઓ એકત્રિત કરીને તપાસના કાગળો પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીની ચકાસણી માટે રજુ કરી કાળજીપુર્વકની તપાસ બાદ તેમના નિર્ણય અનુસાર, આગળની કાર્યવાહી કરવાની રહેશે. એટલે કે નિષ્ણાતો તરફથી મળેલ રીપોર્ટની કાળજીપુર્વક તુલના કરી ગુણવત્તાપુર્વક તપાસવાનો રહેશે અને ત્યાર બાદ આગળની જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.ટી.વાળેલા)
નાયક સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
— પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
— અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઈ.ડી. (ક્રા. અને રુલ્વે) ગુજરાત રાજય, ગાંધીનગર.
— સર્વે ખાસ/નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી (સર્વે રેન્જના)
— સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
— સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ
— મદદનીશ સીલેકટ ફાઈલ.